Appeal(I.C.) No.74 of 2022
Judgment Ex-17

# ઔદ્યોગિક ન્યાય પંચ નં.૧ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

અપીલ(આઈ.સી.)નં.૭૪/૨૦૨૨
(મુળ ટી.અરજી નં.૪૧૪/૨૦૧૦)
આંક–૧૭

એપેલન્ટ :– શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.
રહે.મુ.પો.ખુશાલપુરા,
તા.વ્યારા, જી. તાપી–૩૯૪૬૫૦

::– વિ રૂ દ ધ –::

રીસ્પોન્ડન્ટ :– શ્રી સખારામ ડી. નાયક
રહે. ઈ/૧૫–૬, સુગર કોલોની, પનીયારી,
તા.વ્યારા, જી. તાપી–૩૯૪૬૫૦

## બી.આઈ.આર.એકટની કલમ–૮૪ મુજબની અપીલ

એપેલન્ટ તરફે :– વિ.વ.શ્રી ટી.એલ. હાલારી
રીસ્પોન્ડન્ટ તરફે :– વિ.પ્રતિનિધિશ્રી દિપકભાઈ કે. પીપરોડિયા

## ::– ચુ કા દો –::

**(૧)** એપેલન્ટની હાલની અપીલ, ટી.અરજી નં.૪૧૪/૨૦૧૦ ના કામે તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ ટી. અરજી અંશતઃ મંજુર કરી આ કામના રીસ્પોન્ડન્ટને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવતા તથા પડેલા દિવસોના ૫૦% પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કરેલ હુકમ વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ છે. અપીલના કારણોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ટી. અરજીના કામે કામદારે આંક–૧૯ થી તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ રજુ કરેલ સરતપાસના સોગંદનામામાં તેઓની ઉંમર ૬૦ વર્ષ તેમજ ઉલટતપાસમાં ૬૨ વર્ષ જણાવેલ છે. નિ.૧૮/૫ થી કામદારે રજુ કરેલ ઓળખકાર્ડમાં તેઓની જન્મ તા.૦૧૦/૬/૧૯૫૭ લખેલ છે. જે મુજબ તા.૩૦/૦૫/૨૦૧૫ ના રોજ કામદાર સંસ્થાને લાગુ પડતા સ્ટેન્ડીગ ઓર્ડર્સ મુજબ ૫૮ વર્ષની નિવૃત્તિ વય વટાવી ચુકયા હોવાની હકીકત રેકર્ડ પર હોવા છતાં નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ હુકમ કરેલ છે. જે રેકર્ડ ઉપરના દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા વિરુધ્ધનો છે. રીસ્પોન્ડન્ટ

કામદારે તા.૦૫/૦૪/૨૦૧૦ ના રોજ ટી. અરજી દાખલ કરેલ અને સરતપાસનું સોગંદનામું ૦૯ વર્ષ બાદ તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ રજુ કરેલ છે. તે માટે કોઈ વાજબી કારણ કે ખુલાસો આપેલ નથી. જેથી કામદારને કેસમાં રસ ન હોવાથી પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા હકકદાર થતા નથી તેવા તારણ ઉપર મજુર અદાલતે આવવું જોઈતું હતું. રીસ્પોન્ડન્ટ કામદારે છુટા કર્યાના અગાઉના વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ હોવાનું ટી. અરજીમાં પક્ષ નિવેદન નથી તેમજ સરતપાસના સોગંદનામામાં પણ તેવો કોઈ સબળ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. ટી. અરજીના કામે એપેલન્ટ તરફે આંક–૦૫ થી રજુ કરેલ લેખિત જવાબમાં રીસ્પોન્ડન્ટ કામદારને તેમની ગેરવર્તણૂક માટે બચાવ કરવાની તક આપ્યા વગર કે ખાતાકીય તપાસની કાર્યવાહી કર્યા વગર નોકરીમાંથી છુટા કરેલ છે તેવા તારણ ઉપર નામદાર મજુર અદાલત આવે તો રીસ્પોન્ડન્ટ કામદારની ગેરવર્તણૂક કોર્ટ સમક્ષ પુરવાર કરવાની તક આપવા માટે પરવાનગી આપવા જણાવેલ તેમ છતાં મજુર અદાલતે ખોટા તારણ ઉપર આવી ખોટો હુકમ કરેલ છે. રીસ્પોન્ડન્ટ કામદારે આંક–૧૯ હેઠળની ઉલટતપાસમાં છેલ્લા ૦૪ વર્ષથી સંસ્થાનું ઉત્પાદન બંધ હોવાનું તેમજ સને ૧૯૯૩ બાદ સંસ્થાની આર્થિક પરિસ્થિતિ તંગ રહેલ હોવાનું તેમજ વચ્ચે સંસ્થા બંધ થઈ ગયેલ અને ફરી ચાલુ થયેલ હોવાનું તેમજ સંસ્થાને સરકારે આર્થિક મદદ કરેલ હોવાનું તેમજ ૨૦૧૮ પછી સંસ્થાનું ઉત્પાદન શરૂ થયેલ ન હોવાનું કબૂલ કરેલ છે. આમ, સંસ્થાની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવા છતાં પડેલા દિવસોના ૫૦% પગારનો કરવામાં આવેલ હુકમ ખોટો અને રદ થવા પાત્ર છે. એપેલન્ટ સંસ્થાએ રીસ્પોન્ડન્ટ કામદારની બેરોજગારીના સમય દરમ્યાન કોઈ આર્થિક કમાણી કરેલ છે કે કેમ ? તે અંગે સાક્ષી પુરાવા રજુ કરેલ નથી તેવું મજુર અદાલતનું તારણ ખોટું અને ભૂલભરેલું છે. ટી. અરજીમાં કે વિનંતી પત્રમાં રીસ્પોન્ડન્ટ કામદારે નોકરી મેળવવા પ્રયત્ન કરેલ છે તેવું કોઈ પક્ષનિવેદન કે પુરાવો નથી. રીસ્પોન્ડન્ટ કામદારે નોકરી મેળવવા પ્રયત્ન કરેલ છે તે પુરવાર કરવાનો બોજો રીસ્પોન્ડન્ટ ઉપર છે. જે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી પડેલા દિવસોનો પગાર મેળવવા હકકદાર થતા નથી. રીસ્પોન્ડન્ટ કામદાર લાંબા સમયથી બેકાર રહયા હોય તે હકીકત માનવા લાયક નથી. તેવા તારણ પર આવ્યા બાદ રીસ્પોન્ડન્ટ કામદાર પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા હકકદાર નથી તેવા તારણ ઉપર આવવું જોઈતું હતું. રીસ્પોન્ડન્ટ કામદારે

તા.૦૮/૦૨/૨૦૧૦ ના રોજ માફી પત્ર લખી આપેલ છે અને તેમાં વિનંતી પત્ર રાજીખુશીથી ખેંચી લેતા હોવાનું જણાવેલ છે. આમ, રીસ્પોન્ડન્ટ કામદારે વિનંતી પત્ર પાછો ખેંચી લીધેલ હતો અને ત્યાર બાદ બીજો કોઈ વિનંતી પત્ર લખેલ ન હતો. જેથી કાયદાની જોગવાઈઓનું પાલન ન કરી ટી. અરજી કરવામાં આવેલ હોવાની હકીકત મજુર અદાલતે ઘ્યાને ન લઈ ગંભીર ભૂલ કરેલ છે. જેથી મજુર અદાલત, સુરતનો હુકમ રદ થવા પાત્ર છે.

**(૨)** આ કામે રીસ્પોન્ડન્ટને હાલની અપીલની નોટીસ બજાવવામાં આવેલ છે. આ કામના રીસ્પોન્ડન્ટ યુનિયન મારફતે હાજર થયેલ છે અને આંક–૭ થી અધિકારપત્ર રજુ કરવામાં આવેલ છે. રીસ્પોન્ડન્ટ તરફે આંક–૮ ની તા.૦૫/૧૨/૨૦૨૨ ના રોજની પુરસીસથી આ કામે તેઓ જવાબ રજુ કરવા માંગતા ન હોવાનું અને દલીલ કરવા માંગતા હોવાનું જાહેર કરેલ છે.

**(૩)** એપેલન્ટ તરફે આંક–૧૬ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લીધેલ છે.

**(૪)** રીસ્પોન્ડન્ટ તરફે પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડિયાની દલીલ સાંભળવામાં આવેલ છે. જેમાં મજુર અદાલત, સુરત ઘ્વારા રેકર્ડ ઉપરના પુરાવાનો યોગ્ય અને કાયદેસર મૂલ્યાંકન કરી ચુકાદો આપવામાં આવેલ છે. જે ચુકાદામાં કોઈ હસ્તક્ષેપ કરવા પાત્ર નથી.

**(૫)** અપીલ અરજી તથા ટી. અરજી નં.૪૧૪/૨૦૧૦ ના કામે રજુ થયેલ પુરાવા તથા પક્ષકારો તરફેની દલીલો ઘ્યાને લેતાં, હાલની અપીલનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## ::– મુદ્દા –::

મુદ્દા નં.(૧) શું ટી. અરજી નં.૪૧૪/૨૦૧૦ ના કામે તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ આંક–૨૭ થી કરેલ હુકમ ગેરકાયદેસર અને કાયદાના પ્રસ્થાપિત સિઘ્ધાંત વિરૂઘ્ધનો અને રદ થવા પાત્ર છે ?

મુદ્દા નં.(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

મુદ્દા નં.(૧) હકારમાં

મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ

ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

(૬) કારણો : મુદ્દા નં.૧

(૬.૧) મૂળ ટી. અરજીનું રેકર્ડ વંચાણે લેતાં, રીસ્પોન્ડન્ટ કામદારે તા.૦૫/૦૪/૨૦૧૦ ના રોજ ટી. અરજી દાખલ કરેલ છે અને આંક–૧૯ થી તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. આંક–૧૯ માં તેઓની ઉંમર ૬૦ વર્ષ દર્શાવેલ છે અને આંક–૧૯ હેઠળની તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજની ઉલટતપાસમાં તેઓની ઉંમર ૬૨ વર્ષની જણાવેલ છે. ટી. અરજીના કામે રીસ્પોન્ડન્ટ કામદાર તરફે નિ.૧૮/૫ થી એપેલન્ટ સંસ્થાએ આપેલ ઓળખપત્ર રજુ કરવામાં આવેલ છે જેમાં તેઓની જન્મ તા.૦૧/૦૬/૧૯૫૭ દર્શાવેલ છે. આ તમામ હકીકતો ઘ્યાને લેતાં, ટી. અરજીના કામે આંક–૧૯ ની સરતપાસનું સોગંદનામું રજુ થયા તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ અગાઉ રીસ્પોન્ડન્ટ કામદારે નિવૃત્તિ વયમર્યાદા વટાવી દીધેલ હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે. ટી. અરજીનો ચુકાદો તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે. ઉપરોકત હકીકતે ટી. અરજીના ચુકાદા અગાઉ રીસ્પોન્ડન્ટ કામદારે નિવૃત્તિ વયમર્યાદા વટાવી દીધેલ છે. આ તમામ હકીકત રેકર્ડ ઉપર હોવા છતાં મજુર અદાલત, સુરત ઘ્વારા રીસ્પોન્ડન્ટ કામદારને એપેલન્ટ સંસ્થામાં પુનઃસ્થાપિત કરવા હુકમ કરવામાં આવેલ છે. જેથી સદર હુકમ તદ્દન અયોગ્ય અને તદ્દન ગેરકાયદેસર ઠરે છે. આ સંજોગોમાં રીસ્પોન્ડન્ટ કામદારને પુનઃસ્થાપિત કરવા કરવામાં આવેલ હુકમ રદ થવા પાત્ર છે.

(૬.૨) ટી. અરજી વંચાણે લેતાં, તા.૧૯/૦૧/૨૦૧૦ ના રોજનો વિનંતી પત્ર રજી.એ.ડી.થી એપેલન્ટ સંસ્થાને મોકલાવેલ હોવાનું અને એપેલન્ટ સંસ્થાને મળી ગયેલ હોવાનું તેમજ એપેલન્ટ સંસ્થાએ વિનંતી પત્રનો કોઈ જવાબ આપેલ ન હોવાનું તેમજ એપેલન્ટ સંસ્થાએ વિનંતી પત્ર અનુસંધાને તેઓને તા.૦૮/૦૨/૨૦૧૦ ના રોજ ફેકટરી પર બોલાવેલ હોવાનું અને જો તેઓ માફી પત્ર લખી આપે તો નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો વિશ્વાસ આપેલ તેથી તેઓએ માફી પત્ર લખી આપેલ હોવાનું જણાવેલ છે. ટી. અરજીના કામે આંક–૧૯ થી રજુ કરવામાં આવેલ સરતપાસના સોગંદનામામાં એપેલન્ટ સંસ્થાએ તેઓને વિનંતી પત્ર અનુસંધાને માફી પત્ર લખી આપ્યેથી નોકરીમાં પુનઃસ્થાપિત કરવા વિશ્વાસ આપેલ હોવાથી તેઓએ માફી પત્ર લખી આપેલ હોવાની હકીકત જણાવવામાં

આવેલ નથી. જેથી નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો વિશ્વાસ આપી માફી પત્ર લખાવી લીધેલ હોવાની હકીકત ગ્રાહય રાખવા પાત્ર નથી. ટી. અરજીના કામે એપેલન્ટ સંસ્થા તરફે નિ.૨૧/૧ થી રજુ થયેલ તા.૦૮/૦૨/૨૦૧૦ ના રોજનો માફી પત્ર વંચાણે લેતાં, તા.૦૮/૧૨/૨૦૦૯ ના રોજ નાઈટ નોકરી દરમિયાન એમ.ડી. સાહેબ સાથે કામની બાબતે બોલાચાલી થયેલ હોવાનું તેમજ તા.૧૯/૦૧/૨૦૧૦ ના રોજ આપેલ વિનંતી પત્ર રાજીખુશીથી પરત ખેંચી લેતાં હોવાનું અને બીજી વખત આવી ભૂલ ન થાય તેની કાળજી રાખશે તેવી હકીકત જણાવેલ છે. આંક–૧૯ હેઠળની ઉલટતપાસમાં નિ.૨૧/૧ થી રજુ થયેલ પત્રથી તેઓએ તેમનો વિનંતી પત્ર પાછો ખેંચેલ હોવાનું અને તેમાં તેઓની સહી હોવાનું કબૂલ કરેલ છે. જેથી નિ.૨૧/૧ વાળા પત્રમાં જણાવેલ હકીકત પુરવાર થયેલ છે. આમ, આ માફી પત્રની હકીકત ધ્યાને લેતાં રીસ્પોન્ડન્ટ કામદારે ગંભીર ગેરવર્તણૂક કરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

રીટ પીટીશન નં.૮૪૬૦/૨૦૨૪ (બોમ્બે) મેસર્સ જે.ડબલ્યુ. મારીઓટ જુહુ વિ. નિલેશ કનોજીયા અને બીજાઓના કેસમાં ચુકાદો વંચાણે લેતાં, કામદાર વિરુધ્ધ હોટલમાંથી બે કેક બીલ બનાવડાવ્યા વગર બહાર લઈ જવા બદલ જવાબદાર ઠરાવી છુટા કરવામાં આવેલ. લેબર કોર્ટ ધ્વારા પુનઃસ્થાપનનો હુકમ કરવામાં આવેલ. કામદારને છુટા કરવામાં આવેલ હોવાની સજા અપ્રમાણસર હોવાનું લેબર કોર્ટનું તારણ અયોગ્ય ઠરાવી પુનઃસ્થાપનનો હુકમ રદ કરવામાં આવેલ છે અને વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે.

આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ રીસ્પોન્ડન્ટ કામદારે એપેલન્ટ સંસ્થાના એમ.ડી. સાથે બોલાચાલી કરેલ છે. જે ખૂબ જ ગંભીર બાબત છે. જેથી ઉપરોકત ચુકાદા મુજબ રીસ્પોન્ડન્ટ કામદારને છુટા કરવાનું પગલું પ્રમાણસર સજા ઠરે છે. જેથી રીસ્પોન્ડન્ટ કામદાર પુનઃસ્થાપિત થવા કે પડેલા દિવસોનો પગાર મેળવવા કે કોઈ વળતર મેળવવા હકકદાર રહેતા નથી.

(૬.૩) ઉપરોકત પેરા–૬.૨ માં ચર્ચા કર્યા મુજબ રીસ્પોન્ડન્ટ કામદારે તેઓની રાજીખુશીથી તા.૧૯/૦૧/૨૦૧૦ ના રોજ આપવામાં આવેલ વિનંતી પત્ર તા.૦૮/૦૨/૨૦૧૦ ના રોજ

પરત ખેંચેલ છે. ત્યાર બાદ તા.૦૫/૦૪/૨૦૧૦ ના રોજ ટી. અરજી દાખલ કરેલ છે. બી.આઈ.આર. એકટની કલમ–૪૨(૪) ની જોગવાઈ ધ્યાને લેતાં, ટી. અરજી દાખલ કરતા પહેલા વિનંતી પત્ર આપવો ફરજીયાત છે. વિનંતી પત્ર આપ્યા વગર ટી. અરજી દાખલ થઈ શકે નહી. રીસ્પોન્ડન્ટ કામદારે આપેલ વિનંતી પત્ર તા.૦૮/૦૨/૨૦૧૦ ના રોજ પરત ખેંચેલ છે. જેથી વિનંતી પત્ર આપેલ જ નથી તેવી અસર આવેલ છે. આમ, રીસ્પોન્ડન્ટ કામદારે તા.૧૯/૦૧/૨૦૧૦ ના રોજ એપેલન્ટ સંસ્થાને આપેલ વિનંતી પત્રનું અસ્તિત્વ જ રહેતું નથી અને તે સંજોગોમાં દાખલ કરવામાં આવેલ ટી. અરજી ચાલવા પાત્ર રહેતી ન હોઈ રીસ્પોન્ડન્ટ કામદાર કોઈ જ દાદ મેળવવા હકકદાર રહેલ નથી.

(૬.૪) રીસ્પોન્ડન્ટ કામદારે તા.૦૫/૦૪/૨૦૧૦ ના રોજ ટી. અરજી દાખલ કરેલ છે અને આંક–૧૯ થી તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. આંક–૧૯ માં તેઓની ઉંમર ૬૦ વર્ષ દર્શાવેલ છે અને આંક–૧૯ હેઠળની તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજની ઉલટતપાસમાં તેઓની ઉંમર ૬૨ વર્ષની જણાવેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લેતાં, ટી. અરજીના કામે આંક–૧૯ ની સરતપાસનું સોગંદનામું રજુ થયા તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ અગાઉ રીસ્પોન્ડન્ટ કામદારે નિવૃત્તિ વયમર્યાદા વટાવી દીધેલ હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે. અપીલના કામે એપેલન્ટ તરફે આંક–૧૪ થી દસ્તાવેજી પુરાવા રજુ કરવા પરવાનગી માંગેલ છે. જે અરજી મંજુર થતાં આંક–૧૫ ના લીસ્ટથી રીસ્પોન્ડન્ટ કામદારને ચુકવવામાં આવેલ ગ્રેજયુઈટીની રકમ રૂપિયા એકયાસી હજારના ચેકની ઝેરોક્ષ તથા સદર ચેક મળ્યા અંગેની રીસ્પોન્ડન્ટ કામદારે આપેલ પાવતીની ઝેરોક્ષ તથા રીસ્પોન્ડન્ટ કામદારે કરેલ ગ્રેજયુઈટી અરજી નં.૨૭/૨૦૨૪ ના હુકમની નકલ રજુ કરેલ છે. ગ્રેજયુઈટી અરજીની નકલ વંચાણે લેતાં, રીસ્પોન્ડન્ટ કામદારે તેઓ તા.૩૧/૦૫/૨૦૧૫ ના રોજ વયનિવૃત્ત થવાના કારણે નોકરીનો અંત આવેલ હોવાનું જણાવેલ છે. આ હકીકત ધ્યાને લેતાં, રીસ્પોન્ડન્ટ કામદાર તા.૩૧/૦૫/૨૦૧૫ ના રોજ વયનિવૃત્તિના કારણે નિવૃત્ત થયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. ઉપરોકત હકીકતે રીસ્પોન્ડન્ટ કામદાર તા.૩૧/૦૫/૨૦૧૫ ના રોજ વયનિવૃત્તિના કારણે એપેલન્ટ સંસ્થામાંથી નિવૃત્ત થયેલ હોવા છતાં ટી. અરજીના કામે આંક–૧૯ થી તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ રજુ કરેલ તેઓની સરતપાસના સોગંદનામામાં તેઓ તા.૩૧/૦૫/૨૦૧૫ ના રોજ વયનિવૃત્તિના કારણે

નિવૃત્ત થઈ ગયેલ હોવાની હકીકત જણાવેલ નથી. આમ, રીસ્પોન્ડન્ટ કામદારે મજુર અદાલતને અંધારામાં રાખી, ગેરમાર્ગે દોરી, ગેરરજુઆત કરી ચુકાદો મેળવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આ સંજોગોમાં કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ રીસ્પોન્ડન્ટ કામદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર રહેતા નથી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ રીસ્પોન્ડન્ટ કામદાર ટી. અરજીમાં માંગ્યા મુજબની કોઈ જ દાદ મેળવવા હકકદાર રહેતા ન હોવા છતાં મજુર અદાલત, સુરત ધ્વારા ટી. અરજી અંશતઃ મંજુર કરી પડેલા દિવસોના ૫૦% પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કરવામાં આવેલ છે. જે ગેરકાયદેસર અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરુધ્ધનો હોઈ રદ થવા પાત્ર છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

(૧) એપેલન્ટની અપીલ(આઈ.સી.)નં.૭૪/૨૦૨૨ મંજુર કરવામાં આવે છે.

(૨) ટી.અરજી નં.૪૧૪/૨૦૧૦ ના કામે આંક–૨૭ થી તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ મજુર અદાલત, સુરત ધ્વારા કરવામાં આવેલ હુકમ રદ કરવામાં આવે છે.

(૩) ટી.અરજી નં.૪૧૪/૨૦૧૦ નું રેકર્ડ આ હુકમની એક નકલ સાથે મજુર અદાલત, સુરતને મોકલી આપવું.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૦૯ મી માર્ચ–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક ન્યાય પંચ નં.૧, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

( સ્ટેનો– એસ.જી.ચૌધરી )